## જન્મદિને વધામણી



ગોસ્વામી સંજયભારતી શિવાભારતી (કથાકાર)
મો. ૮૧૪૧૨ ૧૭૦૫૦



સુરેશભાઈ મહેતા
પૂર્વ નગરસેવક
મો. ૯૮૨૫૪ ૩૮૪૬૫



પુષ્પાબેન અજીતકુમાર જોષી



મફતલાલ એસ પ્રજાપતિ



નરેન્દ્ર કાંતિલાલ બ્રહ્મભટ્ટ
ઉપપ્રમુખ, બ્રહ્મભટ્ટ સમાજ
મો. ૯૪૨૭૫ ૨૫૧૦૮



તક્ષ ભરતકુમાર દેસાઈ
મો. ૮૮૬૬૧ ૨૩૨૦૮



તિતિક્ષા અચના કમલેશ
મો. ૯૭૧૪૯ ૮૪૩૨૫



ભાર્ગવ નવનીતલાલ પટેલ
મો. ૯૫૮૬૩ ૨૯૭૪૨

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશન ખાતે કાવ્યરચના-કાવ્યપઠન શિબિર



ગાંધીનગર, તા. ૧૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન,સૅક્ટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને કાવ્યરચના અને કાવ્યપઠનની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે તેમજ શિબિરાર્થીઓ કાવ્યરચનાનું લેખન કાર્ય કરે તે હેતુથી શુક્રવારે કાવ્યરચના અને કાવ્યપઠન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનના ડીન પ્રૉ. વીણાબેન પટેલે સાહિત્ય વર્તુળના ઉદ્દેશોની જાણકારી આપી હતી, ત્યારબાદ કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે ઉપસ્થિત મહેમાન કવિ જિતેન્દ્ર વ્યાસનો પરિચય આપી કવિતાક્ષેત્રે તેમને આપેલા પ્રદાન વિશેની માહિતી આપી હતી. આ પ્રસંગે સૅક્ટર-૧૨ના કૅમ્પસ ડિરેક્ટર ડૉ. આર જે વ્યાસ અને પત્રકારત્વ વિભાગના સંયોજક મિતેષ મોદી ઉપસ્થિત રહ્યા હતા.

કવિ જિતેન્દ્ર વ્યાસે કવિતા એટલે શું ? કવિતાની શક્તિઓ, કાવ્યમાં ધ્વનિ વિગેરે વિશે ઝીણવટપૂર્વકની માહિતી આપી વિવિધ કવિઓની કાવ્યરચનાઓ તેમજ સ્વરચિત કૃતિઓનું પઠન કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ કર્યું હતું.

### સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવરનું ગૌરવ

# ૩ વિદ્યાર્થીઓની રાજ્યકક્ષાએ ફૂટબૉલ ટીમમાં પસંદગી થઈ



રાયસણ બીએપીઍસ ખાતે આયોજિત અન્ડર-૧૭ જિલ્લા કક્ષાની ફૂટબૉલ ટુર્નામેન્ટમાં ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઑફ એચિવરના રમતવીરોએ પોતાની શક્તિ, ક્ષમતા અને કુનેહનો પરિચય બતાવી ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું. શાળા માટે સવિશેષ આનંદ અને યશની બાબત એ છે કે આ સિદ્ધિ અપાવનારી શાળાની ફૂટબૉલ ટીમના ૩ વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની ફૂટબૉલ ટીમમાં પસંદગી પામ્યા છે. આ અસાધારણ સિદ્ધિ માટે શાળાના ફૂટબૉલ કોચનો અથાગ પરિશ્રમ અને યોગ્ય તાલીમ કારણભૂત છે. સહજાનંદ પરિવારે વિજેતા કોચ અને વિદ્યાર્થીઓને અભિનંદ પાઠવ્યા છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૬.૩૦. ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
સુલતાન
૬.૦૦, ૯.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૧૨.૩૦, ૩.૩૦

**સ્ક્રીન-૩**
આઈસ એજ (અંગ્રેજી, ૩ડી)
૧.૪૫. ૫.૪૫, ૯.૪૫
આઈસ એજ (હિન્દી, ૩ડી)

**સ્ક્રીન-૪**
રોમિયો ઍન્ડ રાધિકા (ગુજરાતી)
૬.૪૫, ૯.૪૫
સુલતાન
૧૨.૦૦, ૩.૩૦

**સ્ક્રીન-૫**
સુલતાન
૨.૦૦, ૫.૧૫, ૮.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
સવારે ૧૦.૦૦

# ડીપીએસ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ : વૃક્ષો દત્તક લેવામાં આવ્યાં



## ૧૦૦ વિદ્યાર્થીઓ દ્વારા ૫૦ વૃક્ષોને માવજત માટે દત્તક લેવામાં આવ્યાં

અમદાવાદ, તા.૧૬

"ચોમાસુ આવે એટલે લોકો મોટા પ્રમાણમાં વૃક્ષો વાવે છે પરંતુ વૃક્ષારોપણની સાથે સાથે વૃક્ષોની માવજત કરવી પણ ખુબ જ જરૂરી છે. આમારી સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ અને વૃક્ષને દત્તક લેવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ દ્વારા જ વૃક્ષની યોગ્ય દેખરેખ રાખવામાં આવશે." આ શબ્દો છે બોપલની ડિ.પી.એસ. સ્કુલના વિદ્યાર્થીઓના. વૃક્ષારોપણના આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા ભાજપ પ્રમુખ આર.સી. પટેલ, મંત્રી અલ્પેશભાઈ પટેલ, બોપલ નગરપાલીકાના ઉપ પ્રમુખ જીગીશા શાહ, શાળાના સિનિયર વાઈસ પ્રિન્સીપલ વંદના જોષી, સંગીતા શ્રીવાસ્તવ, મીરા પાંડે, સબિના સહાની, સોનાલીબેન સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બોપલ નગરપાલીકાના ઉપ પ્રમુખ જીગીશા શાહએ જણાવ્યુ હતુ કે, બોપલની ડીપીએસ સ્કુલના પટાંગણમાં વિદ્યાર્થીઓના હસ્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. ૧૦૦ વિદ્યાર્થીઓ દ્વારા ૫૦ વૃક્ષોને વ્યવસ્થીત માવજત માટે દત્તક લેવામાં આવ્યા છે. દર શનિવારે ડીપીએસ સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા જાહેર માર્ગ પર વૃક્ષારોપણ કરવામાં આવશે. પરીવારના કોઈ પણ એક સભ્યના જન્મદિવસે વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ઘરની આસપાસ એક વૃક્ષ રોપીને ઉછેરવામાં આવશે. વિશ્વ આજે ગ્લોબલ વોર્મિંગની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યુ છે ત્યારે ગ્લોબલ વોર્મીંગની વિકટ સમસ્યા નિવારવા માટે ખુબ મોટી સંખ્યામાં વૃક્ષો વાવીને ઉછેરવાની ખુબ જ જરૂર છે.

## બ્રહ્મભટ્ટ સમાજના પરિવારજનો જોગ

ગાંધીનગર, તા. ૧૬

બ્રહ્મભટ્ટ સમાજ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં પરિવાર દર્પણ પુસ્તિકાની ત્રીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે, જે તમામ સભ્યોને નિઃશુલ્ક આપવામાં આવશે. જે પરિવારોની માહિતી આ પુસ્તિકામાં પ્રગટ ન થઈ હોય તેમણે નવેસરથી ફોર્મ ભરવાનું રહેશે. જે પરિવારોની માહિતી આ પુસ્તિકામાં પ્રગટ થઈ હોય પરંતુ તેમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો સુધારા માટે સમાજને જાણ કરવાની રહેશે. આ સંદર્ભે મહામંત્રી વી ઍન અજબાણી, પ્લોટ નં. ૨૬૮/૨, સૅક્ટર-૩ સી, ગાંધીનગર (મોબાઈલ નં. ૯૪૨૮૦ ૨૯૫૪૦)નો સંપર્ક કરવાનો રહેશે એમ આ અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.



ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, ચિલોડા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૧ થી ૯ના વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. પ્રદૂષણ એ વર્તમાન સમયમાં પર્યાવરણની વૈશ્વિક સમસ્યા છે. વૃક્ષોની સંખ્યા ઘટવાથી ઘણી બધી સમસ્યાઓ ઉદ્ભવી છે, જેના નિવારણના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.





## ગૌરીવ્રત નિમિત્તે સામગ્રીનું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારના વનવાસી વિસ્તારમાં પાંચ નિશાળોના ૫૫૨ વિદ્યાર્થીઓને બૉલપૅન, પૅન્સિલનું વિતરણ કર્યું હતું. પંચમહુડી, લક્ષ્મીપુરા (જાભચિતરીયા), ગડાદર, સુનોક ટાંડા તથા માલપુર નીશાળોને આવરી લીધી હતી.

પંચમહુડીમાં ગૌરીવ્રત નિમિત્તે સમજણ આપી દેશભક્તિનું ગીત મફતભાઈ વાઘેલાએ ગવડાવ્યું હતું. આ પહેલાં જાભચિતરીયા તથા અણસોલ પાસે ૧૧૨ વૃધ્ધોને ૩ કિગ્રા ચોખા તથા ટોનિકની બૉટલનું વિતરણ કર્યું હતું. કમલેશ રાવલ તથા મિલિન્દભાઈ ગુપ્તે આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# કૉલેજ ઑફ પૅરેન્ટીંગ... ભુલો ભલે બીજું બધું, મા-બાપ છો, ભૂલશો નહીં



મહેફિલ
સંજય થોરાત

ગાંધીનગર કલ્ચરલ ફૉરમ અર્ક વ્યાખ્યાનમાળાના છઠ્ઠા મણકામાં મા-બાપની જવાબદારીનું ભાન કરાવતો 'ક્લાસ' ડૉ. દીપક તેરૈયા અને ઉમા તેરૈયા દ્વારા લેવાયો : સમય-સમર્થ-સંવાદ સાથે બાળકને ઉછેરવાની ટીપ્સ સ્વાનુભવથી આપી મા-બાપની છેકછાકવાળી મગજની સ્ટેલ કોરી કરી

'અખબારની બાળપૂર્તિમાં બાળકો માટે ટપકાં જોડીને એક ચિત્ર બનાવવાની રમત આવે છે અને એ બનેલા ચિત્રમાં રંગપૂરણી કરવાની હોય છે. આજના આ સૅશનમાં મા-બાપ, સંતાનોને જોડતાં અનેક ટપકાં તમને મળશે, તમારે તમને યોગ્ય લાગે એવા રંગો ભરીને તમારા પરિવારનું ચિત્ર તૈયાર કરવાનું છે.' જાણીતા મોટીવેટર અને માસ્ટર ટ્રેનર ડૉ. દીપક તેરૈયા ઈફૅક્ટીવ પેરેન્ટીંગના વિષય સાથે મા-બાપ છો, ભૂલશો નહીં' કહી જવાબદારી સમજાવા ગાંધીનગરના આંગણે પધાર્યા હતા.

ગાંધીનગર કલ્ચરલ ફૉરમ અર્ક વ્યાખ્યાનમાળાના છઠ્ઠા મણકામાં મા-બાપ અને સંતાનો વચ્ચેના કૉન્ફ્લીક્ટ્સને સમજવા માટે અને એમાંથી માર્ગ કાઢવાના નવતર વિષય સાથે ડૉ. દીપક તેરૈયા આવ્યા હતા. આ વ્યાખ્યાન પૂર્વે ગાંધીનગર કલ્ચરલ ફૉરમે સ્કૂલ ઑફ ઍક્ટિંગ, ડ્રોઈંગ, પેઈન્ટીંગ, મ્યુઝીક તેમજ પર્સનાલિટી ડેવલપમેન્ટના ક્લાસીસના નવા સત્રનો શુભારંભ કરાવ્યો હતો.

આજનું બાળક એ ટૅકનોલૉજીના યુગમાં અવતરેલું છે. એનામાં એક ચોક્કસ સમજ છે. મમ્મી-પપ્પાને કયા ટોનમાં જવાબ આપવો એ બરાબર જાણે છે. એને વધુ રોકટોક કે સૂચનોમાં રસ નથી, સાથે મા-દીગરો અને દાદા-પૌત્રનું ખૂબ સચોટ ઉદાહરણ આપ્યું. કૉલેજ ઑફ પૅરેન્ટીંગમાં ડૉ. દીપક તેરૈયાએ બાળકોની ક્ષતિ નહીં, મા-બાપે ક્યાં સુધરવાનું-સાચવવાનું છે એ તરફ અંગૂલીનિર્દેશ કર્યો હતો. રાત્રે આઠ વાગ્યા બાદ ઘરે આવતી દીકરીને અનેક પ્રશ્નો થાય છે, જ્યારે રાત્રે બે વાગ્યે આવતો દીકરો ગૂડ નાઈટ કહી સૂઈ જાય છે. દીકરાને સંભાળતા નથી એટલે દીકરીને સંભાળવી પડે છે...

ગુજરાતીઓ મૈસૂર ફરવા જઈ ત્યાંના સનસૅટનો વિડીયો ઉતારી શેર કરવાની ઉતાવળ કરે છે, સામે રહેલા સૂર્યાસ્તને માણવાને બદલે વચ્ચે કાચ લાવે છે. એને માત્ર પોઈન્ટ જોવામાં રસ ચે. બાળકને જો ધ્યાનથી જોવામાં આવે તો રોજ સૂર્યોદય અને સૂર્યાસ્ત એના ચહેરામાં જોવા મળે...

રવિવાર આવ્યો નથી કે મહારાણી બહાર નીકળ્યાં નથી... એવા મહેણાં મારવાની જગ્યાએ 'રવિવાર છે તોય ઘરમાં છો ? જાવ, ક્યાંક બહાર ફરી આવો...' એવું કહેતાં થશો ત્યારે આત્મિયતા સધાશે. અમારો જમાનો અને તમારો જમાનો કહીને ગૅપ કરવાની જરૂર નથી. મા-બાપનું સાંભળનાર આ છેલ્લી અને બાળકનું સાંભળનાર આ પહેલી પેઢી છે. પહેલાં નદી-તળાવ, કૂવા હતાં, હવે વૉટર પાર્ક, બીચ છે, પહેલાં ધૂળ-માટીની રમત હતી હવે વિડીયો ગેમ છે, પોસ્ટકાર્ડની સામે ઈમેઈલ-વૉટ્સઍપ છે. ટૅકનોલૉજી સાથે જાતને બદલો, બાળકો આપાઆપ તમારું માનતા થઈ જશે.

આજે હવે સ્કૂલ બસ પૅટર્ન આવી છે. ઘરેથી બાળકને ચડાવીએ, સ્કૂલે ઉતરી જાય. સાંજે પાછો આવી જાય. નિશાળેથી ભાગવાના આ બાળકોના નસીબ જ નથી રહ્યા.

આજે માલિકીભાવ અને સ્પર્ધાના અભિગમ વચ્ચે મા-બાપ અને શિક્ષકો જજ બન્યાં છે. આપણાં બાળકોને આપણી મનગમતી ક્રિકેટ કે ન્યૂઝ ચૅનલ ખબર છે, માને ગમતી સિરીયલ ખબર છે. પણ મા-બાપને એનાં કાર્ટૂન કૅરેક્ટરનાં નામ ખબર નથી. કારણ આપણે એની પ્રવૃત્તિમાં રસ લેતા નથી. એની સાથે ક્રિકેટ-કૅરમ રમતાં નથી. બાળકોને ભરપૂર પ્રેમ કરો, એમની સામે કદાપિ ઝઘડો નહીં. કેરિયરની ચિંતા કરવાનો યુગ આથમી ગયો છે. એમના પર વિશ્વસ મૂકો તો સાચું બોલશે. માતા-પિતાનું દામ્પત્ય જીવન એ બાળકોનું આદર્શ હોય છે. એમની દરેક વાત પરિવારને સ્પર્શે એવી જ હતી.

સુપર મૉમની વાત સાથે ઉમા તેરૈયા આવ્યાં હતાં. પરિવારની સીઈઓ, એટીઍમ, કૂક, ડૉક્ટર, કાઉન્સિલર જેવા દરેક રોલ મહિલાને ફાળે જ આવે છે. જો કાર્ય મા-બાપ ન કરી શક્યા એ સ્વપ્ના તેઓ બાળકોમાં જુએ છે. ટીવી, મોબાઈલ અને બાળકોની ફૂડ હૅબિટ મમ્મીને હેરાન કરે છે. બાળક પરનો માલિકીભાવ, શિક્ષાત્મક અભિગમ, હરિફાઈનો માહોલ વગેરે બાબતો છોડવા જેવી છે. બાળકને ગળા સરસો ચાંપવાની જરૂર છે, જ્યારે તેને આપણે અળગો કરીએ છીએ અને જ્યારે મોટો થઈ અલગ થવા જાય ત્યારે ગળે વળગાડીએ છીએ.

શું થવું છે ? કરતાં સારું પૅકેજ મળે એવું ભણજે એવું સમાજ આપવાની જરૂર છે. બે મિત્રોએ કરેલો સૅન્ડવીચનો ધંધો અને એની ખોટની વાતને કેવી રીતે નફાકારક સાબીત કરી એવાં દૃષ્ટાંત સાથે તેમના અલગ અંદાજમાં સ્ક્રિન પર મૂકી હતી. તેમણે સૂચનો ઓછાં અને પ્રેરણા વધુ આપો એવી ઉપસ્થિત વાલીઓને અપીલ કરી હતી. સમય, સ્પર્શ, સંવાદ સાથે બાળકોને સ્નેહ આપવાનો અર્ક એમણે આ વાર્તાલાપને અંતે કાઢ્યો હતો.





## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**'મારી સ્નેહાળ સખી'**